Vol. 7, Issue: 11, November: 2019 (IJRSML) ISSN: 2321 - 2853

# ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની હૃદયરોગ વિશેની સભાનતાનો અભ્યાસ

પ્રેરક પટેલ

**૧. પ્રસ્તાવના**

સંશોધનના પાયામાં સંશોધનના હેતુઓ, માહિતીનું એકત્રીકરણ, અર્થઘટન અને તારણો રહેલાં છે. તારણો એ સંશોધનકાર્યની ફલશ્રુતિ છે. આ પ્રકરણમાં સમગ્ર અભ્યાસના મહત્વનાં પાસાઓનો નિચોડ એવી રીતે રજૂ કરવામાં આવ્યો છે કે જેથી તારણો સ્પષ્ટ રીતે ઉપસી આવે. તેમજ સમગ્ર અભ્યાસનો સાર એક જ પ્રકરણમાં ટૂંકમાં સમાઈ જાય. ચર્ચાના નિષ્કર્ષ સ્વરૂપે સારાંશ લખવો જરૂરી છે. કોઈપણ વિષયનો સારાંશ ત્યારે જ ફળદાયી બને કે જયારે તે અન્ય સંશોધકો માટે માર્ગદર્શનરૂપ બને. કોઈપણ સંશોધન માર્ગદર્શનરૂપ ત્યારે જ બને કે જયારે સંશોધનમાં સારાંશ, તારણો, ભલામણો અને ભાવિ સંશોધન અંગેના સૂચનો કરેલા હોય. આથી આ પ્રકરણમાં વિષય પસંદગીથી શરૂ કરી સમગ્ર અભ્યાસનો સાર સંક્ષિપ્તમાં આપવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણાના સતલાસણા તાલુકાના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓમાં હૃદયરોગ વિશેની સભાનતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

**૨. સંશોધન સારાંશ**

મહેસાણાના સતલાસણા તાલુકાના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓમાં હૃદયરોગ સભાનતાનો અભ્યાસ અંગેની સમસ્યાની પસંદગીથી માંડીને માહિતી મેળવવી, પૃથક્કરણ કરવું, અર્થઘટન તથા તુલના કરીને તારણો પ્રાપ્ત કરવા સુધીની સમસ્યાનો સારાંશ નીચે મુજબ છે.

***૨.૧ સંશોધન સમસ્યાની પસંદગી***

સંશોધન અંગેના વિચારની શરૂઆત સંશોધનક્ષેત્રને ધ્યાનમાં રાખીને થાય છે. કોઈપણ સંશોધન સમસ્યાની પસંદગી કરવી એટલે કોઈક વિશિષ્ટ રસને વિશિષ્ટ સમસ્યાક્ષેત્ર સાથે જોડવું અથવા કંઈક વિશેષ મુશ્કેલી પ્રતિ જિજ્ઞાસા પેદા થવી. સતલાસણા તાલુકામાં વ્યક્તિઓમાં હૃદયરોગનું પ્રમાણ વધતું જાય છે. માટે આ રોગ રોકવા માટે પાયાની જાણ કરવી જરૂરી છે. આજનો વિદ્યાર્થી આવતી કાલના દેશનો જાગૃત નાગરિક બનશે. માટે અભ્યાસકે ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ હૃદયરોગ વિશે કેટલા સભાન હશે એવા વિચારથી પ્રેરાઈને આ સમસ્યા પસંદ કરી હતી.

**૩. રસમસ્યા શીર્ષક**

***ધોરણ–૯ ના વિદ્યાર્થીઓની હૃદયરોગ વિશેની સભાનતાનો અભ્યાસ***

**૪. અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે નીચે મુજબના હેતુઓ નક્કી કરેલા હતા.

-હૃદયરોગની સભાનતા કસોટીની રચના કરવી.

1. વિદ્યાર્થીઓની હૃદયરોગ વિશેની સભાનતા જાણવી.
2. વિદ્યાર્થીઓની હૃદયરોગ વિશેની સભાનતા પર જાતીયતાની અસર તપાસવી.

૩. વિદ્યાર્થીઓની હૃદયરોગ વિશેની સભાનતા પર વિસ્તારની અસર તપાસવી.

## ૫. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે પ્રમાણે હતું.

૧. વિદ્યાર્થીઓ હૃદયરોગ વિશેની સભાનતા કેળવશે.
૨. વિદ્યાર્થીઓ હૃદયરોગના લક્ષણોથી માહિતગાર થશે.
૩. વિદ્યાર્થીઓ હૃદયરોગ અંગેના રોગોને અટકાવવા માટે લેવામાં આવતાં પગલાંથી માહિતગાર થશે.
૪. વિદ્યાર્થીઓ શાળા, સંસ્થા, સરકાર અને સમાજને હૃદયરોગ અટકાવવા અંગે શું પગલા લઈ શકાય તેની માહિતી પ્રાપ્ત થશે.

## ૬.અભ્યાસનાં ચલો

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબનાં ચલો સમાવિષ્ટ હતા.

***સ્વતંત્ર ચલ:*** છોકરાઓ, જાતિ, છોકરીઓ, શહેરી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર

***પરતંત્ર ચલ:*** હૃદયરોગ વિશેની સભાનતા

***અંકુશિત ચલ:*** -માધ્યમ (ગુજરાતી માધ્યમ), ધોરણ-૯

## ૭. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી.

$Ho_1$ શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ શહેરી વિસ્તારના છોકરાઓ અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ શહેરી વિસ્તારની છોકરીઓ અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_5$ શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_6$ છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૮. અભ્યાસનું સીમાંકન અને મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસને નીચે પ્રમાણે સીમિત કરવામાં આવ્યો હતો.

### અભ્યાસનું સીમાંકન

૧. પ્રસ્તુત અભ્યાસ વર્ષ ૨૦૧૮-૧૯ માં મહેસાણાના સતલાસણા તાલુકાના ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલો છે.
૨. પ્રસ્તુત અભ્યાસ ફક્ત ગુજરાતી માધ્યમના જ ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલ છે.

## ૯. અભ્યાસની મર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે હતી.

૧. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાંથી ફક્ત ૩૦૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરી અભ્યાસનાં તારણો તારવવામાં આવેલા છે તે આ અભ્યાસની મર્યાદા છે.

૨. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે સ્વરચિત ઉપકરણની પસંદગી કરેલ છે તે આ અભ્યાસની મર્યાદા છે.

## ૧૦. વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણાના સતલાસણા તાલુકાના ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવ્યા છે તેમાંથી સ્તરીકૃત યાદચ્છિક રીતે નિદર્શ તરીકે શહેરી અને ગ્રામ્ય વિસ્તારના છોકરા, છોકરીઓમાંથી કુલ ૩૦૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા છે.

## ૧૧. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્ર કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

### *૧૧.૧ ઉપકરણની રચના*

અભ્યાસકે હૃદયરોગ વિશેની સભાનતા જાણવા માટે હૃદયરોગ સભાનતા અંગેના લેખો, WHO દ્વારા પ્રકાશિત થયેલા લેખો અને બીજા સંદર્ભે પુસ્તકોના આધારે તેમજ વિદ્યાર્થીઓની વય અને કક્ષાને ધ્યાનમાં રાખી કસોટીની રચના કરીને નિષ્ણાંતોને ચકાસણી માટે મોકલી આપી, આ કસોટી અંગે નિષ્ણાંતોએ તેમાં સુધારા વધારાને ધ્યાનમાં લઈને કસોટીને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

### *૧૧.૨ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન*

અભ્યાસકે તૈયાર કરેલ ઉપકરણની અજમાયશ કર્યા બાદ મળેલ માહિતીના પ્રાપ્તાંક પરથી પ્રમાણ વિચલન, પ્રમાણભૂલના આધારે t - મૂલ્ય શોધવામાં આવ્યું અને સરાસરીઓના તફાવત જાણવા આલેખાત્મક રજૂઆત કરવામાં આવી હતી. આમ, અભ્યાસકે t ટેસ્ટ દ્વારા શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કરી માહિતીનું અર્થઘટન કર્યું હતું.

## ૧૨. ઉત્કલ્પનાઓની ચકાસણી

પ્રસ્તુત અભ્યાસ માટેની ઉત્કલ્પનાઓની ચકાસણી ૧ માં દર્શાવેલ છે.

**ઉત્કલ્પનાઓની ચકાસણી**

| *ક્રમ* | *ઉત્કલ્પના* | *મૂલ્ય* | *સાર્થક્તા કક્ષા* | *સ્વીકાર – અસ્વીકાર* |
|---|---|---|---|---|
| ૧ | શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૪.૪૫ | સાર્થક | અસ્વીકાર થાય છે |
| ૨ | ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૧.૨૧ | અસાર્થક | અસ્વીકાર થતો નથી. |
| ૩ | શહેરી વિસ્તારના છોકરાઓ અને ગ્રામ્ય વિસ્તારના છોકરાઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૧.૫૧ | અસાર્થક | અસ્વીકાર થતો નથી. |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | શહેરી વિસ્તારની છોકરીઓ અને ગ્રામ્ય વિસ્તારની છોકરીઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૩.૩૫ | સાર્થક | અસ્વીકાર થાય છે |
| ૫ | શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૦.૮૦ | અસાર્થક | અસ્વીકાર થતો નથી. |
| ૬ | છોકરાઓ અને છોકરીઓના હૃદયરોગ વિશેની સભાનતાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. | ૨.૧૨ | અસાર્થક | અસ્વીકાર થતો નથી. |

## ૧૩. અભ્યાસનાં તારણો

અભ્યાસના અંતે પૃથક્કરણ અને સંશોધન કરતાં નીચેના તારણો પ્રાપ્ત થયા હતાં.

૧. હૃદયરોગ વિશે શહેરી વિસ્તારના છોકરાઓ, શહેરી વિસ્તારની છોકરીઓ કરતાં વધુ સભાનતા ધરાવે છે.
૨. હૃદયરોગ વિશે ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ, ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ કરતાં વધુ સભાનતા ધરાવે છે.
૩. હૃદયરોગ વિશે શહેરી વિસ્તારના છોકરાઓ, ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ કરતાં વધુ સભાનતા ધરાવે છે.
૪. હૃદયરોગ વિશે શહેરી વિસ્તારની છોકરીઓ, ગ્રામ્ય વિસ્તારની છોકરીઓ કરતાં ઓછી સભાનતા ધરાવે છે.
શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ, ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં હૃદયરોગ વિશે ઓછી સભાનતા ધરાવે છે.
૬. હૃદયરોગ વિશે છોકરીઓ, છોકરાઓ કરતાં ઓછી સભાનતા ધરાવે છે.

## ૧૪. ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર સંશોધન સારાંશ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો છે. જેમાં અગાઉના પ્રકરણમાં કરેલ માહિતીના પૃથક્કરણ અને અર્થઘટનના આધારે તારણો રજૂ કરવામાં આવ્યા છે. પ્રસ્તુત અભ્યાસ કરવાની જરૂરિયાત લાગી તેથી તે માટેના ભાવિ અભ્યાસની દિશામાં આંગળી ચિંધવાનો વિનમ્ર પ્રયાસ છે. આમ, સંશોધકે શૈક્ષણિક અભ્યાસના અવનવા પુસ્તકોનો અભ્યાસ દ્વારા તજજ્ઞો અને માર્ગદર્શન હેઠળ તેમજ અનુભવી અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પોતાના સુઝબુઝ દ્વારા અભ્યાસ કરી સમગ્ર સંશોધનને વિવિધ પ્રકરણોમાં વિભાજિત કરી સંશોધનનો અહેવાલ તૈયાર કરેલ છે.

## સંદર્ભસૂચિ

૧. પટેલ, આર.એસ. (૨૦૦૯) શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ. (બીજી આવૃત્તિ). અમદાવાદ : જય પબ્લિકેશન.
૨. દેસાઈ, એચ.જી. અને દેસાઈ કે.જી. (૧૯૯૩) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

૩. દેસાઈ, કે.જી. (૧૯૮૫) સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. (છઠ્ઠી આવૃત્તિ), અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
૪. ગોહિલ, ભગવતસિંહજી, ભગવદ્રોમંડલ. રાજકોટ : પ્રવિણ પ્રકાશન.
૫. ઉચાટ, ડી.એ. (૨૦૦૯) શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ : રાજકોટ : ૩ ટાગોરનગર, અમિન માર્ગ પાસે.
૬. ઉચાટ, ડી.એ., (૨૦૦૪) માહિતી પર સંશોધન વ્યવહારો. રાજકોટ : ટાગોરનગર, અમિન માર્ગ પાસે,